| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૮/૧૧/૨૦૨૦ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૨૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૧૨ | ૦ | ૧૬૮૧૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૨ | ૦ | ૫૨ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૧૧ | ૪ | ૧૫૩૧૫ | ૧૬૧૫૫ | ૪ | ૧૬૧૫૯ |
| કુલ | | ૩૦૩૮૭ | ૪ | ૩૦૩૯૧ | ૩૯૦૫૪ | ૪ | ૩૯૦૫૮ |

| પત્રક-૨ | | | |
| --- | --- | --- | --- |
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૬ | ૧૩,૧૮,૪૦૦/- |

| પત્રક-3 | | | |
| --- | --- | --- | --- |
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૫૦ | ૧૨,૫૦,000/- |

# લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :-

## “ઓઢવ પો.સ્ટે. વિસ્તારમાં થયેલ ૫ લાખની લુંટના આરોપીને મુદ્દામાલ સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડતી નરોડા પોલીસ”

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના ઇ.પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.આર.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ આજ રોજ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન કલાક ૧૯/૧૭ વાગે અમદાવાદ શહેર તરફથી ઓલ ગ્રુપનો કન્ટ્રોલ મેસેજ પાસ થયેલ જેમા “રમેશ તીવારી જણાવે છે કે મનમોહન રોડ પંચવટીથી વિનાયક પાર્ક સોસાયટીની સામેથી ભાલપુજા પાર્ટી પ્લોટ પાસે હુ એક્ટીવા લઇને જતો હતો ત્યા બે બાઇક સવારે આવી મને ટક્કર મારી મારૂ બેગ ખેચીને લઇ ગયેલ છે.જેમા ૫ લાખ રૂપીયા હતા.જે મનમોહન બાજુ ભાગેલ છે.” જેઓ ઓઢવ ખાતેથી રોકડા રૂપીયાની લુંટ કરી મો.સા ચાલક ભાગી ગયેલ હોય જેની તપાસમા રહેવા તકેદારી અનુસંધાને તપાસમા હતા આ દરમ્યાન નરોડા ૧૦૮ પાસે આવેલ દેવ આશીષ સ્કુલ પાસેથી એક ઇસમ નામે ઉત્કર્ષભારતી સ/ઓ ઉમેશપ્રસાદ ડાંગી ઉ.વ-૨૦ ધંધો-નોકરી રહે ૩૨૦, માત્રુભક્તી સોસાયટી, ચીરાગ એસ્ટેટ પાસે,સી.ટી.એમ, અમરાઇવાડી, અમદાવાદ નાને તેની પાસેની છીકણી કલરની લેધરની બેગ સાથે શંકાસ્પદ હાલતમા પકડી અત્રે નરોડા પોલીસ સ્ટેશન ખાતે લાવી તપાસ કરતા સદર બેગમાથી રોકડા રૂપીયા ૪,૯૯,૫૦૦/- તથા ડોક્યુમેન્ટ્સ કિ રૂ ૦૦/- તથા ચાવી નંગ-૨ કિ રૂ ૦૦/- મળી આવેલ હોય જે બેગ તથા હોન્ડા એક્ષ બ્લેડ મો.સા કિ રૂ ૫૦,૦૦૦ તથા મોબાઇલ કિ રૂ ૧૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૫,૫૯,૫૦૦/- નો મુદ્દામાલ બાબતે સદરી ઇસમ કોઇ ચોક્કસ આધાર પુરાવા રજુ કરી શકેલ ન હોય ઉપરોક્ત મુદ્દામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે લઇ સદરી ઇસમને સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ તા-૭/૧૧/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગે અટક કરેલ છે અને આ બાબતે ઓઢવ પોલીસ સ્ટેશન જાણ કરેલ છે તા-૦૭/૧૧/૨૦૨૦.

**મુદ્દામાલ** : લુંટ કરી લઇ ગયેલ રોકડ રૂપીયા ૪,૯૯,૫૦૦/- તથા લુટના ગુનામાં વપરાયેલ મો.સા.નં. જી.જે.૨૭.સી.એલ..૬૮૫૫ જેની કી.રૂ ૫૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ ૧ કિંમત રુપિયા ૧૦,૦૦૦/- ગણી કુલ્લે મુદ્દામાલ ૫,૫૯,૫૦૦/-

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારી :**

અ.હે.કો વિરેન્દ્રસિંહ બળવંતસિહ બ.નં ૯૪૧૪ તથા હેડ.કોન્સ ભુપતજી કપુરજી બ.નં-૬૯૨ તથા એલ.આર દિપકકુમાર હરસેંગભાઇ બ.નં-૧૧૪૨૭ તથા સર્વેલન્સ સ્કોડના માણસો

**આરોપીનુ નામ**

ઉત્કર્ષભારતી સ/ઓ ઉમેશપ્રસાદ ડાંગી ઉ.વ-૨૦ ધંધો-નોકરી રહે ૩૨૦, માત્રુભક્તી સોસાયટી, ચીરાગ એસ્ટેટ પાસે,સી.ટી.એમ, અમરાઇવાડી, અમદાવાદ



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :-

## લુંટના આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડી પાડતી વસ્ત્રાપુર પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેન્દ્ર અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી,ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા જરુરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.બી.જાડેજા સાહેબ ના માર્ગદર્શન હેઠળ તા.૦૭/૧૧/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે ના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એમ.બી.જાડેજા સાહેબનાઓ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડના અ.હે.કો. રામચંદ્ર શાંતારામ તથા અ.હે.કો.બાબુભાઇ સરતાનભાઇ તથા અ.લો.ર. વિનોદકુમાર દલપતભાઇ* નાઓને મળેલ બાતમી આધારે ચોરીનો મોબાઇલ ફોન તથા ભારત સરકારે બંધ કરી દિધેલ રૂ.૫૦૦/- ના દરની કુલ્લે ૬ ચલણી નોટો તથા એક રીક્ષા નો મુદામાલ તથા આરોપીઓ પકડી પાડી (૧) વસ્ત્રાપુર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૦૧૫૨૦/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૬૫,૩૯૨,૧૧૪ મુજબનો ગુન્હો ગણતરીના કલાકોમાં શોધી કાઢી વસ્ત્રાપુર પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

### આરોપીઓ :-

(૧) સુરેશભાઇ સ/ઓફ કિશનભાઇ સવજીભાઇવ મારવાડી સલાટ ઉ.વ-૨૯ ધંધો-કડિયાકામ રહે- દેવીપુજક વાસ શક્તિનગરે પાલનપુર તાલુકા પો.સ્ટેની પાછળ પાલનપુર

(૨) સંજય સ/ઓફ કાંતીભાઈ પુરાજી ભીલ ઉ.વ-૨૫ ધંધો.છુટક મંજુરી રહે- લીબડાના ઝાડની નીચે રાજ્યાપીર દરગાહનાકાંચા છાપરામા ભધ્રેસર સરદારનગર અમદાવાદ શહેર

(૩) પુનમભાઈ ઉર્ફે પુનીયો રાજુભાઇ રાઠોડ (મારવાડી) ઉ.વ-૩૦ ધંધો- છુટક મજુરી રહે-ભધ્રેશર છાપરા જોગણીમાતાના મંદિર પાસે કુબેનગર સરદારનગર અમદાવાદ

(૪) મુકેશ ઉર્ફે ટેકસી કિશનભાઈ વાઘેલા ઉ.વ-૨૨ ધંધો-રીક્ષા ડ્રાઈવર રહે-ભદ્રેસર કોતરપુર છાપરા ઈન્દીરા બ્રિજ પાસે સરદારનગર અમદાવાદ

### કબ્જે કરેલ મુદ્દામાલ :-

(૧) ભારત સરકારે બંધ કરી દિધેલ જુની રૂ.૫૦૦/- ના દરની કુલ્લે ૬ ચલણી નોટો જેની કિ.રૂ.૦૦/૦૦

(૨) સ્કાય બ્લુ કલરનો વિવો કંપનીનો 1906 મોડલનો મોબાઇલ ફોન ની કિ.રૂ.૫,૦૦૦/- ની ગણી

(૩) ઓટો રીક્ષા કિંમત રૂ.૩૦,૦૦૦/- ની ગણી એમ કુલ્લે ૩૫,૦૦૦/-ગણીના મત્તાનો મુદામાલ

## આરોપીઓનો ગુન્હાહીત ઇતીહાસ :-

આરોપી નં.(૧) સુરેશભાઇ સ/ઓફ કિશનભાઇ મારવાડીનો ગુન્હાહીત ઇતીહાસ-

(૧) પાલનપુર પો.સ્ટે પ્રોહી. ગુ.ર.નં-૧૮૨/૨૦૧૯ પ્રોહી.ક.૬૬(૧)(બી),૮૫(૧) મુજબ

આરોપી નં.(૨) સંજય કાંતીભાઇ ભીલ નો ગુન્હાહીત ઇતીહાસ –

(૧) અમરાઇવાડી પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૦૦૮૮/૨૦૧૬ ઇ.પી.કો.ક.૩૭૯,૩૨૮,૧૧૪ મુજબ

(૨) સરદારનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૨૦૬/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૪૦૬,૪૨૦ મુજબ

આરોપી નં.(૩) પુનમભાઈ ઉર્ફે પુનીયો રાજુભાઇ રાઠોડ (મારવાડી)નો ગુન્હાહીત ઇતીહાસ–

(૧) ઓઢવ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૮૮/૨૦૧૮ ઇ.પી.કો.કલમ-૩૫૬,૧૧૪ મુજબ

(૨) રામોલ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૨૧/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૪૦૬,૪૨૦,૧૧૪ મુજબ

આરોપી નં.(૪) મુકેશ ઉર્ફે ટેકસી કિશનભાઈ વાઘેલા નો ગુન્હાહીત ઇતીહાસ –

(૧) સરદારનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૦૦૬૫/૨૦૧૯ ઇ.પી.કો.ક-૩૦૨, ૩૯૭, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબ

(૨)સરદારનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૦૨૫૩/૨૦૧૫ ઇ.પી.કો.કલમ-૩૮૦,૧૧૪,મુજબ

(૩) એરપોર્ટ પો.સ્ટે એ-પાર્ટ ગુર.નં-૧૧૧૯૧૦૪૬૨૦૦૭૩૧/૨૦ ઇ.પી.કો.કલમ-૧૮૮ મુજબ

## કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :-

પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.બી.જાડેજા સાહેબ તથા પોલીસ સબ ઇન્સપેકટર શ્રી એમ.બી.જાડેજા તથા મ.સ.ઇ.જહાંગીરખાન ઇસ્માઇલ ખાન તથા મ.સ.ઇ ભારતભાઇ દાનાભાઇ તથા અ.હેડ.કોન્સ નરેંદ્રભાઇ પરસોતમભાઇ તથા અ.હે.કો.રામચંદ્ર શાંતારામ તથા અ.હે.કો.બાબુભાઇ સરતાનભાઇ તથા અ.પો.કો. ગોવીંદભાઇ નરસિંહભાઇ તથા અ.પો.કો.રાજેશકુમાર કરશનભાઇ તથા અ.લો.ર વિશાલકુમાર પુંજાભાઇ તથા અ.લો.ર લાલજીભાઇ ચકાભાઇ તથા અ.લો.ર.વિશ્વરાજસિંહ હરદેવસિંહ તથા અ.લો.ર.જયપાલસિંહ દિલીપસિંહ તથા અ.લો.ર. વિનોદભાઇ દલપતભાઇ. તથા વુ.અ.લો.ર. રીંકુબેન મુળજીભાઇ

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## ચોરીના મોબાઇલ ફોન સાથે એક આરોપીને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો મોબાઇલ ફોન ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ સોલકી  ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૦૭/૧૧/૨૦૨૦ ના કલાક ૧૮/૧૫ વાગે  ચંડોળા તળાવ દશામાના મંદિર પાસેથી લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇની સયુક્ત બાતમીથી આરોપી ઝકારી રઉફુલ શેખ ઉ.વ ૨૪ બંગાળીવાસના છાપરા ચંડૉળા તળાવના છાપરા ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી તેની પાસેથી સદર ગુનાનો ચોરીમા ગયેલ મોબાઇલ ફોન ONE PLUS NORD મોડલનો IMEI નંબર જોતા ૮૬૫૨૯૫૦૫૬૧૨૭૧૧૧ તથા ૮૬૫૨૯૫૦૫૬૧૨૭૧૦૩ કિંમત રૂપિયા ૨૯૯૯૦/- નો રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૦૧૫૩૫/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે

તા.૦૭/૧૧/૨૦૨૦



## **નિકોલ પોલીસ સ્ટેશન :-**

**નિકોલ-નરોડા રોડ, મનોહરવિલા ચાર રસ્તા પાસે ખાતે Vivo કંપનીના મોબાઈલ ફોન ઉપર વાતો કરી રહેલ ઈસમના કબ્જાના મોબાઈલ ફોનની ચીલ ઝડપ કરી બ્લ્યુ કલરના એકટીવા ઉપર નાશી નજાર બંટી બબલીને ચીલ ઝડપ કરેલ મોબાઈલ ફોન કિ.રૂ.૯,000/- તથા બ્લ્યુ કલરની એકટીવા નં.GJ-01-NW-7581 કિ.રૂ.30,000/- સાથે મળી કિમત રૂ.3૯,000/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આરોપી ચંદન ઉર્ફે ભુરો સોનીની ઘનિષ્ઠ પુછપરછ દરમ્યાન મેઘાણીનગર પો.સ્ટે.ની હદ વિસ્તારમાંથી સને-૨૦૧૯ ના ઓગષ્ટ માસ દરમ્યાન ચોરી કરેલ લાલ કલરનું હિરો કંપનીનું સ્પેલન્ડર પલ્સ કિ.રૂ.૨૫,000/- તથા કૃષ્ણનગર પો.સ્ટે. વિસ્તારમાંથી પાંચ-છ દિવસ પહેલા TVS મો.સા.ની ચોરી કરી સળગાવી દઈ ગુન્હો આચરેલ, જે મુદ્દામાલ કબ્જે કરી અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢતી નિકોલ પોલીસ**

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨. સાહેબ તથા મે.ના.પો.કમિ.શ્રી ઝોન-૫ સાહેબનાઓએ આગામી દિવાળીના તહેવારો નિમીતે મિલકત સંબધી ગુન્હાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે સુચના આધારે મ.પો.કમિ.શ્રી “આઈ” ડીવીજન અમદાવાદ શહેરનાઓએ માર્ગદર્શન આપતા P.I. શ્રી વી.ડી.ઝાલા નાઓના સિધા માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોર્ડના PSI પી.જે.ખાંટ,નાઓની રાહબરી હેઠળ તથા HC રઘુવિરસિંહ મોકમસિંહ તથા PC.કપિલકુમાર કાન્તિભાઈ PC. ધવલકુમાર ઘનશ્યામભાઈ PC. વદેસિંહ જુઠાજી તથા WLR. હેતલબેન વિહાભાઈનાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન “ડી” માર્ટ ચાર રસ્તા પાસે આવતા PC. વદેસિંહ જુઠાજી નાઓને મળેલ બાતમી હકિકત આધારે બ્લ્યુ કલરની એકટીવા નં.GJ-01-NW-7581 ઉપર આવેલ ચંદન ઉર્ફે ભુરો S/o આનંદભાઈ સોની ઉવ:૨૦ રહે:મ.નં.૧૮/૨૭૬, જય અંબે એપાર્ટમેન્ટ, નવા નરોડા, અમદાવાદ શહેર તથા પુજા D/o અશોકભાઈ પાટીલ ઉવ.૨૮ રહે: મ.નં: ૪૫/૧૪૨૭, ચિત્રકુંટ આવાસ યોજનાના મકાન, નિકોલ નરોડા રોડ, અમદાવાદ શહેરનાઓને નિકોલ પો.સ્ટે.ગુ.ર.નં.પાર્ટ A-11191015201163/2020 મુજબના ગુન્હાના કામે ચિલ ઝડપમાં ગયેલ Vivo કંપનીનો મોબાઈલ ફોન તથા ગુન્હાના કામે ઉપયોગ કરેલ બ્લ્યુ કલરની એકટીવા સાથે ઝડપી પાડેલ.

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી ચંદન ઉર્ફે ભુરો સોનીની P.I. શ્રી વી.ડી.ઝાલા તથા PSI પી.જે.ખાંટ,નાઓની ઘનિષ્ઠ પુછપરછ દરમ્યાન આરોપીએ સને-૨૦૧૯ના ઓગષ્ટ માસ દરમ્યાન મેઘાણીનગર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ભાર્ગવ રોડ ઉપર થી લાલ કલરનું હિરો કંપનીનું સ્પેલન્ડર પલ્સની ચોરી કરી કુષ્ણનગર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ચિત્રકુટ આવાસના પાર્કીંગમાં મુકી તે જગ્યાએ થી પાંચ-છ દિવસ પહેલા રાત્રી દરમ્યાન એક TVS મો.સા.ની ચોરી કરી લઈ જઈ રાત્રી દરમ્યાન નરોડા આદિશ્વર કેનાલ, જય અંબે ફ્લેટના પાછળના ભાગે આવેલ જાહેર રોડ ઉપર સળગાવી દિધેલ જે મુદ્દામાલ આરોપીએ બતાવતા હિરો કંપનીનું સ્પેલન્ડર પલ્સની કિ.રૂ.૨૫,૦૦૦/- તથા અર્ધ બળેલ હાલતમાં મળેલ TVS મો.સા.કિ.રૂ.૩,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી મેઘાણીનગર તથા કુષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાયેલ અનડીટેક મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ.



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૯૭ લીટર દેશી દારૂ, ૩૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૮/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૯૨૯/૨૦૨૦

**બાપુનગર** : અવનિતભાઈ છગનભાઈ લાખાણી (ઉ.વ.૫૦)(રહે.ગુ.હા.બોર્ડ, નિકોલ રોડ, નવા બાપુનગર) એ તા.૦૭/૧૧/૨૦૨૦ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૧૫ થી ફેબ્રુઆરી/૨૦૧૬ તેમજ આજદિન સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર શિલ્પ આર્કેડ નામના કોમ્પલેક્ષમાં બીજા માળે આવેલ “યુવા નિધિ કંપની લિમિટેડ” ની ઓફિસ ખાતે આરોપી (૧) ડાયરેકટર અતુલકુમારસિંહ સાહબદયાલસિંહ (રહે.ભાગ્યલક્ષ્મી સોસાયટી નિકોલ નરોડા) (૨)રવિંદ્રસિગ રામજીતસિગ (રહે.ગુ.હા.બોર્ડ કોલોની મેઘાણીનગર) (૩)ડાયરેકટર મેહુલકુમાર ઉપેંદ્રભાઈ વ્યાસ (રહે.સીમાપાર્ક અંબિકાનગર ઓઢવ) (૪) ડાયરેકટર સુરેન્દ્રસિગ સભાજીતસિગ રાજપુત (રહે.માત્રુભુમિ સોસાયટી ન્યુ ઈન્ડીયા કોલોની રોડ મનોહર વિલા નિકોલ) અને (૫) કૃણાલ બાબુભાઇ રાવત એ ભેગામળી અવનિતભાઈને યુવા નિધી કંપનીમા પૈસાનુ રોકાણ કરાવી “પાંચ વર્ષે ડબલ પૈસા મેળવવાની અને જેટલી મોટી રકમનુ રોકાણ તેટલુ વધુ કમિશન” આપવાનુ કહી, રોકાણના બદલામા એફ.ડી.સર્ટીફીકેટ આપી વિશ્વાસમા લઈ, આ સ્કીમમા ટુકડે-ટુકડે કુલ ૧૨,૧૨,૩૦૦/- રૂપિયા ભરાવી, જે પાંચ વર્ષ પછી ડબલ થતા રૂપિયા ૨૪,૨૪,૬૦૦/- પૈકી શરૂઆતના બે વખત ભરેલ રૂપિયા ૧૫૦૦/- અને રૂપિયા ૧૩૦૦/- મળી કુલ રૂપિયા ૨૮૦૦/- ના પાંચ વર્ષે ડબલ લેખે રૂપિયા ૫૫૦૦/- અવનિતભાઇને કોઇ માણસ મારફતે આપી તેમના અસલ એફ.ડી.સર્ટીફીકેટ મેળવી લઈ, અવનિતભાઇએ પરત લેવાના નિકળતા રૂપિયા ૨૪,૧૯,૧૦૦/- આજદિન સુધી નહી આપી અવનિતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**વાડજ** : નવીનચંદ્ર મોહનલાલ શાહ (ઉ.વ.૭૭)(રહે.ઇન્કલાબ સોસાયટી ગુલબાઇ ટેકરા આંબાવાડી) એ તા.૦૭/૧૧/૨૦૨૦ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૧૬ થી તા.૩૦/૦૬/૨૦૧૭ તેમજ આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અંજતા કોમર્શીયલ કોમ્પલેક્ષ ખાતે આરોપી ભરતભાઇ બાબુલાલ વછેટા અને રાહુલ ભરતભાઇ વછેટા (બંને રહે.રાજ ગોપાલ મીલ કંમ્પાઉન્ડ દુધેશ્વર રોડ) એ ભેગામળી નવીનચંદ્ર પાસેથી જુદા-જુદા ૪૩ બીલ સાથેનો કોલસો કુલ કિંમત રૂપિયા ૫૮,૮૦,૬૩૯/- મતાનો લઇ તે પેટે રૂપિયા ૨૭,૫૬,૬૨૮/- ચેકથી આપી, બાકીના રૂપિયા ૩૧,૨૪,૦૧૧/- નહી આપી નવીનચંદ્ર સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ચાવડા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૩૦/૨૦૨૦**

**નરોડા** : જલુબેન વા/ઓ ખોડીદાન ચારણ (રહે,વૃદાવન બંગ્લોઝ શ્રીજી બંગ્લોઝની બાજુમાં નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૦૭/૧૧/૨૦ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- તથા એલ.ઇ.ડી. ટી.વી. કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**ચોથા માળેથી પડી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૯૩૧/૨૦૨૦**

**એલીસબ્રીજ** : અનિલભાઈ કાલીયાભાઈ ગરાસીયા (ઉ.વ.૩૦)(રહે.મારવાડી વાસ આંબાવાડી એલીસબ્રીજ) તા.૦૬/૧૧/૨૦૨૦ બપોરના કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે એલીસબ્રીજ ભુદરપુરા રોડ, ધરણીધર બ્રીજના છેડે પ્રધાનમંત્રી આવાસ સાઈડ પર કામ કરતી વખતે ચોથા માળે થી પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હીરાભાઈ મુળજીભાઈ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૩૨/૨૦૨૦**

**બાપુનગર** : અનિશ દિપકભાઇ કોષ્ઠી (ઉ.વ.૧૭)(રહે.વૈશાલી ફ્લેટ, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૦ રાતના ૮/૪૫ થી ૯/૧૫ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી